

સીતાબાગ ખાતે વૃંદાવન ગરબા ગ્રાઉન્ડ માંજલપુર



વડોદરા નવરાત્રી ફેસ્ટિવલ, નવલખી મેદાન



અંબા માતા મંદિર માંડવી..... પુરુષોના ગરબા



સીતાબાગ ખાતે વૃંદાવન ગરબા ગ્રાઉન્ડ માંજલપુર



સીતાબાગ ખાતે વૃંદાવન ગરબા ગ્રાઉન્ડ માંજલપુર



## વડોદરા ઈન્સ્ટિટ્યૂટ, કોટંબી ખાતે પરંપરાગત વસ્ત્રભૂષણો અને ગરબાના તાલે ઝૂમ્યું કેમ્પસ

શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વડોદરા ઇન્સ્ટિટ્યૂટ, કોટંબી કેમ્પસ, વડોદરા ખાતે ગત શુક્રવાર, ૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે રંગબેરંગી ઉત્સવની અત્યંત ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.

# નવરાત્રિની લાંબી રાતોમાં મેકઅપને રાખો ફ્રેશ, સુંદરતા જળવાઈ રહેશે ગરબા પૂરા થાય ત્યાં સુધી!

## ચહેરાની રોનક જાળવવા માટે અપનાવો સ્માર્ટ મેકઅપ ટિપ્સ



નવરાત્રિ એટલે રંગબેરંગી ચણિયાચોળી, આકર્ષક આભૂષણો, મનમોહક ગરબા અને મોડી રાત સુધી ચાલતો ઉત્સવનો ઉત્સાહ. આ દરમિયાન યુવતીઓ અને મહિલાઓ પોતાના લુકને ખાસ બનાવવા માટે મેકઅપ પર પણ ધ્યાન આપે છે. જોકે, કલાકો સુધી ગરબા રમવા, પરસેવો થવો અને વાતાવરણમાં ભેજ હોવાને કારણે મેકઅપ ફેલાઈ જવો, ચહેરા પર ચીકાશ આવવી અથવા આઈલાઈનર અને મસ્કારા સ્મજ થવાની સમસ્યા સામાન્ય છે. થોડી સમજદારી અને યોગ્ય પ્રોડક્ટ્સની પસંદગીથી આ સમસ્યાઓને

### ત્વચાની સંભાળ પણ જરૂરી

નવરાત્રિની મોડી રાતો પછી ત્વચાને આરામ આપવો પણ એટલો જ મહત્ત્વનો છે. ઘરે પરત ફર્યા બાદ મેકઅપ સંપૂર્ણપણે દૂર કરો, ચહેરો સાફ કરો અને મોઇશ્ચરાઇઝર લગાવો. ગરબા દરમિયાન પૂરતું પાણી પીતા રહો અને ત્વચાને અનુકૂળ પ્રોડક્ટ્સનો જ ઉપયોગ કરો.નવરાત્રિમાં સુંદર દેખાવાનું રહસ્ય માત્ર મોંઘા મેકઅપમાં નહીં, પરંતુ યોગ્ય તૈયારી, હળવા સ્તરો અને સ્માર્ટ ટચ-અપમાં છુપાયેલું છે. આટલી કાળજી રાખશો તો ગરબાના દરેક રાઉન્ડમાં તમારા લુકની તાજગી જાળવવામાં મદદ મળશે અને તમે ઉત્સવનો આનંદ વધુ આત્મવિશ્વાસ સાથે માણી શકશો.

**૧. મેકઅપ પહેલાં ત્વચાને તૈયાર કરો**
સુંદર અને લાંબા સમય સુધી ટકતા મેકઅપ માટે ત્વચાની તૈયારી મહત્ત્વપૂર્ણ છે. ચહેરાને હળવા ક્લેન્ઝરથી સાફ કર્યા પછી હળવું મોઇશ્ચરાઇઝર લગાવો અને તેને ત્વચામાં શોષાવા માટે થોડો સમય આપો. તમારી ત્વચાને અનુકૂળ પ્રાઇમરનો ઉપયોગ કરો. ત્વચા તૈલી હોય તેવા ભાગોમાં મેટિફાઇંગ પ્રાઇમર લગાવી શકાય છે. હળવા સ્તરોમાં મેકઅપ કરવો વધુ યોગ્ય છે.

**૨. પાવડરનો ઉપયોગ જરૂર મુજબ જ કરો'**
નાકની આસપાસ, કપાળ અને આંખોની નીચેના ભાગમાં પરસેવો તથા ચીકાશને કારણે મેકઅપ ઝડપથી બગડી શકે છે. આ વિસ્તારોમાં થોડું ટ્રાન્સલ્યુસન્ટ સેટિંગ પાવડર લગાવવાથી મેકઅપને સ્થિર રાખવામાં મદદ મળે છે. જોકે, આખા ચહેરા પર વધુ પડતો પાવડર લગાવવાથી મેકઅપ કેકી દેખાઈ શકે છે. જરૂર જણાય ત્યારે જ હળવો ટચ-અપ કરો.

**૩. હળવા અને લાંબો સમય ટકે એવા બેઝની પસંદગી**
ગરબા દરમિયાન સતત હલનચલન થતું હોવાથી ભારે ફાઉન્ડેશન અસ્વસ્થતા પેદા કરી શકે છે. તેના બદલે લોંગ-વેર અને શ્વાસ લઈ શકે તેવી ટેક્સ્ચર ધરાવતી ફાઉન્ડેશન અથવા સ્કિન ટિન્ટ પસંદ કરો. તેને પાતળા સ્તરમાં લગાવો અને કન્સીલરનો ઉપયોગ માત્ર જરૂર હોય ત્યાં જ કરો. આ રીતે ચહેરા પર કુદરતી દેખાવ જળવાઈ રહે છે.મેકઅપનો ભાર પણ ઓછો લાગે છે.

**૪. આંખોના મેકઅપને આપો ખાસ સુરક્ષા**
ગરબાના રંગીન વાતાવરણમાં આંખોનો મેકઅપ લુકને વધુ આકર્ષક બનાવે છે. પરંતુ પરસેવો અને ભેજને કારણે આઈલાઇનર તથા મસ્કારા ફેલાઈ શકે છે. તેથી વોટરપ્રૂફ અથવા વોટર-રેઝિસ્ટન્ટ ફોર્મ્યુલા પસંદ કરો. આંખોની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને વિશ્વસનીય પ્રોડક્ટ્સ પસંદ કરવી અને આંખમાં બળતરા થાય તો તેનો ઉપયોગ બંધ કરવો જરૂરી છે.

**૫. સેટિંગ સ્પ્રેથી મેકઅપને આપો ફિનિશિંગ ટચ**
મેકઅપ પૂર્ણ થયા પછી લોંગ-વેર સેટિંગ સ્પ્રેનો ઉપયોગ કરી શકાય છે. તેને ચહેરાથી યોગ્ય અંતરે રાખીને હળવો છંટકાવ કરો અને મેકઅપને સૂકાવા દો. બહાર નીકળતાં પહેલાં મેકઅપ સંપૂર્ણપણે સેટ થઈ ગયો છે તેની ખાતરી કરો. સાથે બ્લોટિંગ પેપર અને લિપસ્ટિક રાખવાથી જરૂર પડ્યે ઝડપથી ટચ-અપ કરી શકાય છે.







સીતાબાગ ખાતે વૃંદાવન ગરબા ગ્રાઉન્ડ, માંજલપુર

### VMCની 'ઝીરો ટોલરન્સ' નીતિ કાગળ પર?

# રવિપાર્ક ચાર રસ્તા પાસે લાખો લીટર પાણીનો વેડફાટ

**તંત્ર દ્વારા મામલો રફેદફે કરવાનો પ્રયાસ: સામાન્ય નાગરિકને દંડ ફટકારતું નિગમ જવાબદાર કોન્ટ્રાક્ટર કે અધિકારી સામે તપાસ કરશે કે કેમ?**



(પ્રતિનિધિ) વડોદરા તા.12

શહેરમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીના બગાડ અને ગેરવહીવટ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિના દાવાઓ પોક સાબિત થઈ રહ્યા છે. તાજેતરમાં શહેરના રવિપાર્ક ચાર રસ્તા પાસે પાણીની મુખ્ય લાઈનમાં સર્જાયેલા ગંભીર લીકેજને કારણે છેલ્લા ચાર દિવસથી લાખો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વહીને વેડફાઈ રહ્યું છે, છતાં તંત્રની નિસબત વિનાની કામગીરી સામે સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. સામાન્ય રીતે તંત્ર દ્વારા માત્ર લીકેજનું સમારકામ કરીને સંતોષ માની લેવામાં આવે છે, પરંતુ આટલી મોટી લાપરવાહી કયા કારણોસર સર્જાઈ અને તેના માટે વાસ્તવિક જવાબદાર કોણ છે, તેની કોઈ જ તપાસ કરવામાં આવતી નથી. નાગરિકોમાં એવો સૂર ઉઠી રહ્યો છે કે જો આવી કોઈ બેદરકારી સામાન્ય જનતા દ્વારા કરવામાં આવી હોત, તો વીએમસી દ્વારા તુરંત જ હજારો રૂપિયાનો ભારેખમ દંડ ફટકારવામાં આવત. તો પછી જાહેર જનતાના કરોડોના કરવેરામાંથી પૂરું પાડવામાં આવતા પાણીનો આ પ્રકારે લાખો લીટર વેડફાટ થવા પાછળ જવાબદાર અધિકારીઓ કે એજન્સી સામે તપાસ કેમ નથી થતી? તંત્ર માટે અલગ અને પ્રજા માટે અલગ નિયમ કેમ ચાલી રહ્યા છે તે મોટો પ્રશ્ન છે. આ સમગ્ર ઘટનાને લઈને સ્થાનિકો દ્વારા VMC સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે આ મામલે ત્વરિત અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવે. લીકેજ માટે જવાબદાર સંબંધિત અધિકારી કે કોન્ટ્રાક્ટરની જવાબદારી નક્કી કરીને નિયમોનુસાર કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આ પ્રકારની ગંભીર બેદરકારીનું પુનરાવર્તન ન થાય. આશ્ચર્યની વાત તો એ છે કે, જે સ્થળે છેલ્લા ચાર દિવસથી પાણીનો આ અખંડ વેડફાટ થઈ રહ્યો છે, તેનાથી માત્ર ૪૦૦થી ૫૦૦ મીટરના જ અંતરે આ વોર્ડના પૂર્વ અને વર્તમાન કોર્પોરેટરોના નિવાસ્થાનો આવેલા છે. પોતાના જ વિસ્તારમાં આટલા મોટા પાયે પાણી બરબાદ થઈ રહ્યું હોવા છતાં સ્થાનિક જનપ્રતિનિધિઓ દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. શું જનપ્રતિનિધિઓને પોતાના જ વોર્ડની પાયાની સમસ્યાઓ અને લોકસુખાકારીની કોઈ જ ચિંતા નથી? તેવા સવાલો પણ લોકમુખે ચર્ચાઈ રહ્યા છે.

### રૂ. ૭૫ હજાર રોકડા અને દોઢથી બે તોલાના સોનાના દાગીનાની ચોરી

# પોલો ગ્રાઉન્ડ પાસે રાજસ્તંભ સોસાયટીમાં ધોળા દિવસે તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.12

નવરાત્રિના તહેવારના બંદોબસ્તમાં વ્યસ્ત પોલીસ તંત્ર વચ્ચે તસ્કરોએ હાથફેરો કરી પોલીસની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે. વડોદરાના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલી રાજસ્થંભ સોસાયટીમાં ધોળા દિવસે તસ્કરોએ એક મકાનને નિશાન બનાવી રૂ. 75 હજાર રોકડા અને દોઢથી બે તોલાના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વડોદરા શહેરમાં નવરાત્રિના પવિત્ર તહેવારને લઈને પોલીસ તંત્ર દ્વારા વિવિધ ગરબા ગ્રાઉન્ડ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મોટાભાગના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તહેવારના બંદોબસ્તમાં વ્યસ્ત હોવાનો લાભ તસ્કરો ઉઠાવી રહ્યા હોય તેમ ચોરીની ઘટના સામે આવી છે. પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલી રાજસ્થંભ સોસાયટીમાં રહેતા મકાનમાલિક સુનીલભાઈ શાહ ખંડેરા માર્કેટ ખાતે આવેલા જૈન દેરાસરમાં દર્શનાર્થે ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવ્યું હતું. મકાનની ચાવી મળી જતાં તસ્કરોએ તાળું ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હતો અને રૂ. 75 હજાર રોકડા તેમજ બે તોલાના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પ્રાથમિક વિગતો મુજબ, સવારે 10:02થી 10:45 વાગ્યા દરમિયાન તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. ત્યારબાદ ઘરમાં કામ કરવા આવતી મહિલા ઘરે પહોંચી ત્યારે ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. નવરાત્રિના પ્રથમ દિવસે જ ધોળા દિવસે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી છે. બંદોબસ્ત વચ્ચે રહેણાક વિસ્તારમાં થયેલી ચોરીને લઈને પોલીસની પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે.

### સોમાતળાવ બ્રિજ નજીક કંપારી ધ્રુજાવી દે તેવી ઘટના

# ટ્રેનની અડફેટે યુવકના બંને પગ અને એક હાથ કપાયા

**યુવક રાત્રે મોડેથી** રેલવે ટ્રેક પર કયા સંજોગોમાં પહોંચ્યો તે અંગે તપાસ શરૂ કરવામાં આવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૨

શહેરના સોમાતળાવ બ્રિજ નીચે ગત મોડી રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. મળતી પ્રાથમિક માહિતી મુજબ, રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહેલા અક્ષય રમેશભાઈ રાઠવા નામના આશરે ૩૦ વર્ષીય યુવકને કોઈ ટ્રેને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં યુવકના બંને પગ અને એક હાથ કપાઈ ગયા છે, તેમજ માથાના ભાગે પણ અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી છે. રાત્રીના સુમારે બનેલી આ ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

લોહીલુહાણ હાલતમાં પડેલા ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ સયાજી હોસ્પિટલના સર્જિકલ વોર્ડમાં તેની અત્યંત ગંભીર હાલતમાં સારવાર ચાલી રહી છે. ડોક્ટરોની ટીમ દ્વારા યુવકનો જીવ બચાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.યુવક રાત્રે મોડેથી રેલવે ટ્રેક પર કયા સંજોગોમાં પહોંચ્યો હતો અને આ અકસ્માત અચાનક કેવી રીતે સર્જાયો તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી મળી શકી નથી.

આ બનાવ અકસ્માતનો છે કે અન્ય કોઈ કારણસર બન્યો છે તે દિશામાં રેલવે પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પોલીસની સત્તાવાર તપાસ પૂર્ણ થયા બાદ જ આ દુર્ઘટનાનું સાચું કારણ સામે આવશે.

### પેરેન્ટ્સ એસોસિએશનનો FRC મંજૂર ફી કરતા વધારે ફી માંગવાનો આક્ષેપ

# ખાનગી સ્કૂલ દ્વારા એલસી અટકાવવા મુદ્દે વીપીએની ડીઈઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12

એફઆરસીની મંજૂર ફી કરતાં વધારે ફી માંગીને વિદ્યાર્થીનું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ ગેરકાયદેસર રીતે અટકાવી રાખવાના ગંભીર મામલે ખાનગી સ્કૂલ વિરુદ્ધ વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. આ મામલે અમારા દ્વારા મેનેજમેન્ટને સમગ્ર હકીકત જાણવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો જો કે તેમના દ્વારા આ મામલે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી ન હતી. વડોદરા પેરેન્ટ્સ એસોસિએશનના પ્રમુખ એડવોકેટ કિશોર પિલ્લાઈ દ્વારા ડીઈઓ સમક્ષ કરાયેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ પીડિત વાલીએ આ બાબતે છેલ્લા ચાર મહિનાથી ડીઈઓ કચેરીમાં વારંવાર લેખિત અને મૌખિક ફરિયાદો કરી હતી, છતાં શાળા સામે કોઈ ઠોસ પગલાં લેવામાં આવ્યા નહોતા. ઉલટાનું ડીઈઓ કચેરીએ પોતાની લાચારી દર્શાવી વાલીને ફી ભરી દેવાની સલાહ આપી હતી. જેના કારણે વિદ્યાર્થીના અભ્યાસ અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી હતી અને અંતે લાચાર વાલીને પોતાનું સોનું ગીરવે મૂકી રૂપિયા લાવી શાળાની ફી ભરવા મજબૂર થવું પડ્યું હતું. આ સમગ્ર પ્રકરણમાં ડીઈઓ કચેરીની નિષ્ફળતા અને જવાબદારીમાંથી છટકવાની વૃત્તિ પર વીપીએ દ્વારા ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે અને માંગ કરવામાં આવી છે કે જીપીએસ સ્કૂલ દ્વારા કરાયેલી વધારાની ફીની માંગણી અને એલસી અટકાવવા બાબતે તાત્કાલિક નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, વાલી પાસેથી બળજબરીપૂર્વક ઉઘરાવાયેલી વધારાની ફીની રકમ તાત્કાલિક પરત અપાવવામાં આવે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર શાળા વિરુદ્ધ કાયદેસરના કડક પગલાં લેવામાં આવે. જો આગામી 15 દિવસમાં તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આ મામલો ઉચ્ચ શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકાર સમક્ષ લઈ જવાની ચીમકી પણ વીપીએ દ્વારા આપવામાં આવી છે.



**શાળા દોષિત હશે તો પગલાં લેવાશે**

વાલી આવ્યા હતા. વાલીનું બાળક સ્કૂલમાંથી ભણી ચૂકેલ છે એમને સ્કૂલે વધારે ફી લીધેલ છે. એવું એમનું કહેવું છે. એ બાબતે અમારા એઆઇ અધિકારી તપાસમાં પણ ત્યાં ગયેલ હતા અને આ બાબતે એમનું એવું કહેવું છે કે સ્કૂલ અલગ અલગ પ્રકારની ફી લેય છે. વાલીઓ ખાનગી સ્કૂલોનો આગ્રહ હોય છે. આ મેટરમાં અમે જોઈ લઈએ છે અને એફઆરસીના નિયમો અનુસાર ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે. અને શાળા દોષિત હશે તો એની સામે પણ પગલાં લેવાશે. **મહેશ પાંડે,** ડીઇઓ

### કાસમઆલા કબ્રસ્તાન પાસે

# પશુઓના વિવાદમાં તલવાર-હથિયારો સાથે જીવલેણ હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12

વડોદરાના કાસમ આલા કબ્રસ્તાન પાસે રખડતાં પશુઓના મુદ્દે શરૂ થયેલો વિવાદ હિંસક અથડામણમાં ફેરવાયો હતો. પશુઓ વાહનોને નુકસાન પહોંચાડતા હોવાની રજૂઆત બાદ ઉગ્ર બનેલા વિવાદમાં ટોળું ઘરમાં ઘૂસી ગયું હોવાનો આક્ષેપ છે. તલવાર સહિતનાં હથિયારોથી હુમલો થતાં સલીમભાઈના સાળાના પિતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પરિવારને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાની ફરિયાદ સામે આવતાં વિસ્તારમાં ચકચાર મચી છે. વડોદરા શહેરના કાસમ આલા કબ્રસ્તાન પાસે રખડતાં પશુઓના મુદ્દે એક જ સમાજના બે પક્ષો વચ્ચે થયેલો વિવાદ હિંસક બન્યો હતો. પશુઓ વાહનોને નુકસાન પહોંચાડતા હોવાની રજૂઆત બાદ શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. શરૂઆતમાં બંને પક્ષો વચ્ચે ઝઘડો થયા બાદ મામલો થાળે પડ્યો હતો અને બંને પક્ષો પોતપોતાના ઘરે જતા રહ્યા હતા.

જોકે, ત્યારબાદ વિવાદે ફરી ઉગ્ર સ્વરૂપ ધારણ હતું. પશુ રાખનારાઓનું ટોળું એકત્ર થઈ સલીમભાઈના ઘરમાં ઘૂસી આવ્યું હતું અને સલીમભાઈ તથા તેમના સાળાના પિતા પર તલવાર સહિતનાં હથિયારોથી હુમલો કર્યો હતો. આ હુમલામાં સલીમભાઈના સાળાના પિતાને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હુમલાખોરોએ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પશુઓને રખડતા મૂકવાના મુદ્દે શરૂ થયેલો વિવાદ ઘરમાં ઘૂસીને હથિયારોથી હુમલા સુધી પહોંચતાં વિસ્તારમાં ચકચાર મચી છે.